# College Selection Mistakes

Engineering Colleges

**IMPORTANT**

Dear Students & Parents,


આજથી 5-10 વર્ષ પહેલા, કોલેજ સિલેક્શન પ્રમાણમાં ઘણું સરળ હતું કારણકે, સોસાયટીમાં કોલેજોની જેવી રેપ્યુટેશન હતી એ મુજબ જ કોલેજોમાં ભણવાનું અને પ્લેસમેન્ટ હતું. પરંતુ કોરોના પછી પરિસ્થિતી સાવ બદલાઈ ગઈ છે. ઘણી ખ્યાતનામ કોલેજોમાં પરિસ્થિતી સાવ કથડી ગઈ છે, સારા–સારા ફેકલ્ટીઝ કોલેજ છોડીને જતા રહ્યા છે અને પ્લેસમેન્ટ પણ દર વર્ષે ઘટી રહ્યું છે. તેમ છતા સોસાયટીમાં હજુ આ બાબતની ખબર નથી માટે વિદ્યાર્થીઓ આઉટડેટેડ માહિતીના આધારે એડમિશન લે છે અને કેરીયરમાં નુકસાન પહોંચે છે.

બીજી બાજુ, કેટલીક કોલેજોએ છેલ્લા 5 વર્ષમાં જબરદસ્ત પ્રગતિ કરી છે અને પ્લેસમેન્ટમાં પણ હરણફાળ ભરી છે. પરંતુ હજુ સુધી સોસાયટીમાં આ નવી માહિતી પહોંચી નથી. જેથી ઘણા વિદ્યાર્થીઓને આ સારી કોલેજોમાં એડમિશન મળતું હોવા છતા તેઓ માહિતીના અભાવે એડમિશન લેવાની તક ગુમાવી બેસે છે અને અંતે પસ્તાવાનો વારો આવે છે.

**ધો. 12માં સારૂ રીઝલ્ટ મેળવવા માટે તમે 2 વર્ષ સખત મહેનત કરી બધા સબજેક્ટ્સ મળીને કુલ 4000 કરતા વધારે પેજ વાંચ્યા હશે. હવે, જો માત્ર 2 કલાક ફાળવીને આ બુકલેટના 4 પેજ ધ્યાનથી નહી વાંચો તો તમારી 2 વર્ષની મહેનત પર પાણી ફરી વળવાની પૂરી શક્યતા છે.**

## Placement: Expectations v/s Reality

- વિદ્યાર્થીની પ્લેસમેન્ટમાં પગારની અપેક્ષા અને હકીકતમાં જે પ્લેસમેન્ટ થાય છે એમાં જમીન–આસમાન જેટલો તફાવત છે. આ ગ્રાફ પરથી તમને આ બાબતનો આઈડીયા આવી જશે.
- અંદાજે 65% વિદ્યાર્થીઓને 10 લાખ કે વધારે પગારની અપેક્ષા હોય છે અને એ મુજબ ઊંચી ફી ભરે છે. પરંતુ માત્ર 3-4% વિદ્યાર્થીઓને જ 10 લાખ+ પગારનું પ્લેસમેન્ટ મળે છે. તદ્ઉપરાંત 33-35% વિદ્યાર્થીઓને સાવ પ્લેસમેન્ટ મળતું જ નથી.
- જો સારી કેરિયર બનાવવી હોય તો સાચો ડીસીઝન લેવો અત્યંત જરૂરી છે અને સાચો ડીસીઝન લેવા માટે લેટેસ્ટ ડેટાની સચોટ માહિતી હોવી જરૂરી છે.




### Placement Statistics 2025

| College Type | No. of Students Placed | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 30 લાખ+ | 20 થી 30 લાખ | 10 થી 20 લાખ | 6 થી 10 લાખ | 4 થી 6 લાખ | 4 લાખથી ઓછુ | પ્લેસમેન્ટ ના મળ્યુ |
| IIT | 1464 (15%) | 2433 (24%) | 2787 (28%) | 1907 (19%) | 319 (3%) | 110 (1%) | 1041 (10%) |
| NIT | 733 (4%) | 2505 (14%) | 4268 (24%) | 4391 (25%) | 2316 (13%) | 772 (5%) | 2630 (15%) |
| IIIT | 540 (10%) | 889 (17%) | 1001 (19%) | 896 (17%) | 348 (6%) | 212 (4%) | 1472 (27%) |
| Other Colleges | 50 (0.24%) | 250 (1%) | 500 (2%) | 1890 (9%) | 4540 (22%) | 6865 (33%) | 7000 (33%) |

**કેરીયર બનાવવા માટે એન્જીનીયરીંગ ફિલ્ડ નિઃશંકપણે બેસ્ટ અને નંબર-1 છે;**
**પરંતુ તકલીફ એ છે કે શરૂઆતમાં જ બહુ ઊંચા પગારની અપેક્ષા રાખવી. જો દિલ દઈને કામ કરશો તો આરામથી 5 વર્ષમાં તમારી અપેક્ષા કરતા પણ વધારે પગારે પહોંચી જશો.**

- **જો 99+PR આવે તો આખા દેશમાં ગમે ત્યાં એડમિશન લેવાય.**
- **જો 99 કરતા ઓછા PR આવે તો ગુજરાત બહાર જવાની જરૂર નથી.**
- **જો 95 કરતા ઓછા PR આવે તો હોમટાઉનની બહાર જવાની જરૂર નથી.**

**Highest Package મૃગજળ સમાન છે**
**જે 500 કે 600 વિદ્યાર્થીઓમાંથી**
**ફક્ત 5 કે 6 (માત્ર 1%)ને જ મળતું હોય છે.**
**હંમેશા એવરેજ પેકેજની જ આશા રાખો.**

## કોલેજ સિલેક્શન દરમ્યાન થતી ભૂલો

હવેના સમયમાં પ્લેસમેન્ટ થઈ જ જશે એવી ગેરંટી છે જ નહી. હકીકતમાં, 50% વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ નહી જ થાય. **પ્લેસમેન્ટ ન થવાનું મુખ્ય કારણ છે, કોલેજ સિલેક્શન દરમ્યાન થતી ભૂલો.** દર વર્ષે ઘણા વિદ્યાર્થીઓ કોલેજ સિલેકશનમાં ખૂબ જ સામાન્ય એવી ભૂલો કરતા હોય છે અને એ ભૂલોનું પરીણામ એમને આવનારા 4 વર્ષ અને પછી આખી જીંદગી ભોગવવું પડે છે. જો તમે ધ્યાન રાખશો તો આ ભુલો કરવાથી બચી જશો અને મસ્ત કેરીયર બનશે.

### MISTAKE #1 અત્યારે ભણતા વિદ્યાર્થીઓનો અભિપ્રાય લીધા વગર એડમિશન લેવું

- તમારે 10-15 વર્ષ પહેલાની કોલેજમાં નહી, અત્યારની કોલેજમાં એડમિશન લેવાનું છે માટે 10-15 વર્ષ પહેલા ભણેલા વિદ્યાર્થીઓના અભિપ્રાયને બદલે **અત્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભિપ્રાય લેવો અત્યંત જરૂરી છે.**
- કોલેજની રૂબરૂ મુલાકાત દરમ્યાન, અત્યારે અભ્યાસ કરતા મીનીમમ 4-5 વિદ્યાર્થીઓનો અભિપ્રાય લેવાનું ભૂલતા નહી જેથી કરીને તમને કોલેજની હાલની વાસ્તવિક પરિસ્થિતીનો ખ્યાલ આવી જાય અને ભૂલથી પણ ભૂલ ના કરી બેસો.

**ભુતકાળની કોલેજમાં નહી પણ અત્યારની કોલેજમાં ભવિષ્યને ધ્યાનમાં રાખીને એડમિશન લેવાનું છે.**




### MISTAKE #2 કોમ્પ્યુટર રીલેટેડ બ્રાંચની કુલ બેઠકો 400 કરતા વધારે હોવા છતા પણ એડમિશન લેવું

- કોમ્પ્યુટરમાં એડમિશન લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓએ ખાસ કરીને કોમ્પ્યુટર રિલેટેડ બ્રાંચમાં કુલ કેટલી સીટ છે તેની તપાસ કરવી જોઈએ. જો CE/CSE/IT/ICT/AI-ML/Cyber Security વગેરે બ્રાંચની **કુલ બેઠકો 400 કરતા વધારે હોય તો તે કોલેજ વિષે તમામ બાબતોની જાત તપાસ કરીને, સચોટ માહિતી મેળવીને જ એડમિશન લેવું જોઈએ, નહિતર પૂરી શક્યતા છે કે 4 વર્ષ પછી પ્લેસમેન્ટ નહી જ થાય.**
- ઓવરક્રાઉડેડ કોલેજોમાં પ્લેસમેન્ટમાં ગમે તેટલી કંપનીઓ આવશે તો પણ માત્ર 20% થી 30% વિદ્યાર્થીઓને જ જોબ મળશે.

### MISTAKE #3 ગયા વર્ષના કટઓફનું આંધળુ અનુકરણ કરવું

- ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓ એવી માન્યતા ધરાવે છે કે જે કોલેજના કટઓફ ઉંચા એ કોલેજો વધુ સારી એવું માનીને તપાસ કર્યા વગર એડમિશન લ્યે છે.
- કટઓફના આધારે એડમિશન લેવું એટલે આંધળો આંધળાને દોરે અને બંને કૂવામાં પડે. ગયા વર્ષના વિદ્યાર્થીઓએ એના આગલા વર્ષના કટઓફના આધારે એડમિશન લીધા હતા અને તમે ગયા વર્ષના આધારે લેશો અને તમારા જુનીયર તમારા કટઓફના આધારે એડમિશન લેશે. કોઈ તપાસ કરતુ જ નથી.
- મિત્રો, બાજુના ટેબલમાં આપેલા કટઓફ અને પ્લેસમેન્ટ પેકેજનો 3-4 વખત અભ્યાસ કરજો, તમારી આંખ ઉઘડી જશે. ત્રણેય NITsના છેલ્લા વિદ્યાર્થીનો કટઓફ રેન્ક (2940,6000,7113) IIITના પહેલા વિદ્યાર્થીના રેન્ક (7431) કરતા આગળ છે. મતલબ કે JEEના રીઝલ્ટ મુજબ NITનો છેલ્લો વિદ્યાર્થી IIITના પ્રથમ વિદ્યાર્થી કરતા ઘણો હોંશિયાર હતો. **તેમ છતા IIITના વિદ્યાર્થીઓ NITsના હોંશિયાર વિદ્યાર્થીઓ કરતા ડબલ પગારનું પ્લેસમેન્ટ મેળવે છે અને એ પણ સતત 3 વર્ષથી. આ દિવા જેવી સ્પષ્ટ બાબત છે છતા શા માટે વિદ્યાર્થીઓ પહેલા NITsમાં એડમિશન લે છે? માત્ર ને માત્ર ઉંચા કટઓફને કારણે;** Nothing else. **મિત્રો, મહેરબાની કરીને તમે આ ભૂલ ના કરતા.**


| College | Branch | Open Category Cut-Off | | Average Package (LPA) | | |
|---|---|---|---|---|---|---|
| | | Opening | Closing | 2023 | 2024 | 2025 |
| NIT, Rourkela | CSE | 591 | 2940 | 22.53 | 20.02 | 19.43 |
| NIT, Kurukshetra | CSE | 4472 | 6000 | 21.89 | 17.63 | 16.38 |
| SVNIT, Surat | CSE | 5587 | 7113 | 18.26 | 16.32 | 16.72 |
| IIIT, Lucknow | CS | 7341 | 9824 | 30.52 | 29.85 | 33.71 |

- **ગુજરાતની ઘણી કોલેજોમાં પણ આજ પરિસ્થિતી છે. 95PR કટઓફ વાળી કોલેજ કરતા 75PR કટઓફ વાળી કોલેજમાં ઘણું સારૂ પ્લેસમેન્ટ થાય છે.**

| College | Branch | Cut-Off | | Placement Ratio | Average Package |
|---|---|---|---|---|---|
| | | Rank | PR | | |
| ગાંધીનગરની કોલેજ | Computer | 3447 | 91.42 | 38.66% | 3.00 Lakh |
| રાજકોટની કોલેજ | Computer | 10213 | 77.12 | 93.60% | 4.50 Lakh |

## MISTAKE #4 છેલ્લા 3 વર્ષના પ્લેસમેન્ટની તપાસ કર્યા વગર એડમિશન લેવું

- મિત્રો, છેલ્લા 3 વર્ષમાં પ્લેસમેન્ટની સિચ્યુએશન સાવ બદલાઈ ગઈ છે. ઘણી ખ્યાતનામ કોલેજોમાં પણ પ્લેસમેન્ટ રેશિયો ઘટીને માત્ર 25-30% જેટલો થઈ ગયો છે અને પ્રમાણમાં ઓછી પ્રસિધ્ધ કોલેજોમાં પ્લેસમેન્ટ ઘણું સારૂ થઈ રહ્યું છે.
- મધ્ય ગુજરાતની 30 વર્ષ જૂની ખ્યાતનામ કોલેજનો પ્લેસમેન્ટ ડેટા બાજુમાં આપેલ છે. જેનો અભ્યાસ કરશો તો ખ્યાલ આવશે કે પ્લેસમેન્ટ સતત ઘટી રહ્યું છે.
- પ્લેસમેન્ટ એ કોઈપણ કોલેજ માટે ગૌરવ લેવાની બાબત છે. જો સારૂ પ્લેસમેન્ટ થતું હોય તો કોલેજ પોતાની વેબસાઈટ પર ડિસ્પ્લે કરે જ. **માટે જો કોઈ કોલેજની વેબસાઈટ પર પ્લેસમેન્ટ ડેટા ડીટેઈલમાં ના હોય તો ચેતી જવુ જોઈએ.**




> **માત્ર અને માત્ર એવી જ કોલેજમાં એડમિશન લેવું કે જે પોતાની વેબસાઈટ પર ફેકલ્ટીઝ અને પ્લેસમેન્ટની સંપૂર્ણ વિગતો પારદર્શકતાથી જાહેર કરતી હોય.**

## MISTAKE #5 કોલેજની રૂબરૂ વિઝિટ કર્યા વગર એડમિશન લેવું

- વાલી મિત્રો, તમે તમારા સંતાનનું સગપણ ઘર જોયા વગર જ ઓનલાઈન કરશો? નહીંને, તો કોલેજ જોયા વગર એડમિશન કેમ લેવાય? કોલેજ અને આજુબાજુના એન્વાર્યનમેન્ટની ખબર તમને કોલેજની રૂબરૂ મુલાકાત દરમ્યાન જ પડશે.
- 4 વર્ષ સારી રીતે ભણવા માટે અને 40 વર્ષની સારી કેરીયર બનાવવા માટે જે કોલેજમાં એડમિશન લેવું છે તેની રૂબરૂ મુલાકાત લેવી અત્યંત અનિવાર્ય છે. કોઈપણ કોલેજના કેમ્પસમાં, ફક્ત 10 મિનિટમાં જ તમને આઈડિયા આવી જશે કે ત્યાનું એન્વાર્યનમેન્ટ ભણવા માટે છે કે માત્ર મોજ–મજા માટે છે.
- સિવિલ, મિકેનિકલ કે ઈલેક્ટ્રિકલ જેવી બ્રાંચમાં લેબોરેટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ જ અગત્યનું છે પરંતુ ઘણી બધી કોલેજોમાં આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાવ હોતું જ નથી જેનો ખ્યાલ તમને રૂબરૂ વિઝીટ દરમ્યાન જ આવશે.


**40** વર્ષની સારી કેરીયર બનાવવા માટે... **4** વર્ષ સારી રીતે ભણવા માટે... **4** દિવસ માટે પસંદગીની કોલેજોની મુલાકાત લેવી અનિવાર્ય છે.

## MISTAKE #6 સિટીના મોહમાં કોઈ પણ કોલેજમાં એડમિશન લેવું

- ઘણા વિદ્યાર્થીઓ એવું માને છે કે મેટ્રો સિટી અથવા ગુજરાતની બહાર ભણવાનું અને પ્લેસમેન્ટ વધારે સારૂ હોય છે તથા એક્સપોઝર વધારે મળે છે. હકીકતમાં 10 થી 20% ટોપ કોલેજોને બાદ કરો તો વાસ્તવીકતા તમારી માન્યતા થી તદ્દન અલગ જ છે. મેટ્રો સિટીની ટોપ કોલેજો સિવાયની કોલેજોમાં ભણવા અને પ્લેસમેન્ટ કરતા મોજ–મસ્તી અને કોલેજ લાઈફ એન્જોયમેન્ટ વધારે હોય છે. રૂબરૂ વિઝીટ દરમ્યાન છેલ્લા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓનો અભિપ્રાય લેવાથી તમને પણ આ બાબતનો 100% આઈડીયા આવી જશે.
- ઘણી વખત વિદ્યાર્થીઓ ઘરથી દૂર રહેવા માટે પણ બહારગામની કોલેજ પસંદ કરતા હોય છે અને 4 વર્ષ પછી જોબ ના મળવાને લીધે પાછા ઘરે જ આવે છે.

**MISTAKE #1&2**


કોમ્પ્યુટર રીલેટેડ બ્રાંચની **કુલ બેઠકો 400 કરતા વધારે હોય** તો પણ અત્યારે ભણતા **વિદ્યાર્થીઓના અભિપ્રાય લીધા વગર** એડમિશન લેવું.




**+**

**MISTAKE #3&4**

કોલેજની વેબસાઈટ પર **પ્લેસમેન્ટ ડેટા આપેલ ના હોય** તો પણ **કટઓફના આધારે** એડમિશન લેવું.




**=**



**જો આ ભૂલો કરશો તો એ Atom Bomb જ બની જશે.**
**કદાચ તમને અત્યારે ખબર નહી પડે પણ એ 4 વર્ષ પછી ફૂટશે એ ગેરંટેડ જ છે.**

## મોહ

(70% વિદ્યાર્થીઓ આંખે પાટા બાંધીને મોહમાં એડમિશન લ્યે છે.)

- **કોલેજના નામનો મોહ**
- **કટઓફનો મોહ**
- **સિટીનો મોહ**



## લોજીક

(માત્ર 30% વિદ્યાર્થીઓ બધુ જોઈ, સમજી, વિચારીને લોજીકલી એડમિશન લ્યે છે.)

- **વેબસાઈટ પર પ્લેસમેન્ટ ડેટા**
- **અત્યારની વાસ્તવિક પરિસ્થિતી**
- **કુલ ખર્ચ અને ખર્ચની સામે વળતર**

**BE SMART**

**મોહથી એડમિશન લેનારા 99% વિદ્યાર્થીઓ 4 વર્ષ પછી પેટ ભરીને પસ્તાય છે.**

**લોજીકથી એડમિશન લેનારા વિદ્યાર્થીઓ બેસ્ટ કેરીયર બનાવીને સુખી થાય છે.**

## ટુંકમાં...

| બહારગામની કોલેજમાં થતો કુલ ખર્ચ | હોમટાઉનની કોલેજમાં થતો કુલ ખર્ચ |
|---|---|
| ₹ 10 - 15 લાખ | ₹ 5 - 7 લાખ |

**IIT, NIT, IIIT, I²IT, IISc, BITS Pilani, DAIICT, Nirma, IITRAM, NFSU, DDU, BVM, LD, MSU, VGECમાં પસંદગીની બ્રાંચમાં એડમિશન મળતું હોય અને ફી પોસાય તો ચોક્કસ લેવાય જ અન્યથા હોમટાઉન/ઝોનની સારી કોલેજમાં જ અભ્યાસ કરાય.**

**મિત્રો, ખાસ યાદ રાખજો કે કોલેજ સિલેકશન ડીસીઝનથી તમારી જીંદગીની દિશા અને દશા નક્કી થશે. માટે, હળવાશથી લેતા નહી. ઈમોશનલીને બદલે લોજીકલી નિર્ણય કરજો અને બહુ સમજી વિચારીને પૈસા ખર્ચજો.**

DEGREE ENGINEERING GUJARAT

આજના ઓનલાઈન યુગમાં તમામ માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાસ અપીલ છે કે કોલેજ વિષે સચોટ માહિતી મેળવ્યા બાદ જ એડમિશન લેવું જોઈએ. રેડી–રેકનર અને મોબાઈલ એપની મદદથી તમે તમામ લેટેસ્ટ માહિતી ખૂબ જ સરળતાથી મેળવી શકશો. બાજુમાં આપેલ QR Code સ્કેન કરી અથવા ગુગલ પ્લે સ્ટોર કે એપલ એપ સ્ટોરમાંથી ENGINEERING ADMISSION સર્ચ કરીને મોબાઈલ એપ **વિના મુલ્યે** ડાઉનલોડ કરી શકાય છે.

Scan to Download

આ બુકલેટનો ઉદ્દેશ માર્ગદશન માટે છે. બુકલેટમાં આપેલ માહિતી માટે પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતા કોઈપણ ભુલચૂક હોય તો તેના માટે અમે દીલગીર છીએ. વિદ્યાર્થીઓને અપીલ છે કે પોતાની આર્થિક, કૌટુંબિક, શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાના આધારે માતા–પિતા સાથે ચર્ચા કરીને કોલેજની પસંદગીનો નિર્ણય કરવો જોઈએ.


**Darshan UNIVERSITY**

योग: कर्मसु कौशलम्

**University Campus**
Rajkot-Morbi Highway,
Rajkot – 363650
9727747310 / 11
www.darshan.ac.in

**Counseling Centre**
401, Lotus Arcade, 8 - Royal Park,
Between KKV Circle & Indira Circle
150 Ft. Ring Road, Rajkot - 360005.
9512770012, 8200601076